# બી.એડ્. કોલેજો માટે સરકાર આટલું કરી શકે ?

જે દેશનો શિક્ષણ ખર્ચ વધુ હોય, તે દેશમાં પોલીસ ખર્ચ ઓછો આવે. જેમ શિક્ષણનું પ્રમાણ વધુ તેમ ગૂન્હાનું પ્રમાણ ઓછું. આ શિક્ષણ માત્ર પુસ્તકીયું ન હોવું જોઇએ. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સાહેબે મુંબઇની આતંકવાદી ઘટના પછી કહ્યું હતું કે, શિક્ષણમાં નૈતિક મૂલ્યોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઇએ. શિક્ષણમાં જ્ઞાનની સાથે સાથે મૂલ્યોને પણ પ્રાધાન્ય અપાવું જોઇએ. શિક્ષણને મૂલ્યલક્ષી બનાવવા માટે મૂલ્યલક્ષી શિક્ષકો પણ જોઇએ. કૂવામાં હોય તો હવાડામાં આવે તે ઉક્તિ મુજબ જો સારા શિક્ષકો હશે તો સારા નાગરિકો પણ પેદા થશે. આજના સારા કે નરસા શિક્ષકની અસર આપણને આજે જ જોવા મળવાની નથી, ઘણાં લાંબા સમય પછી શિક્ષકની અસર જોવા મળશે. તે વખતે ધ્યાનમાં આવેલ ખામીને સુધારવા અગાઉના લાંબા સમય કરતાં પણ વધુ સમય જશે તો પણ ધાર્યું પરિણામ મળશે કે કેમ તે શંકાનો વિષય છે. ટૂંકમાં શિક્ષકો નિષ્ઠાવાન, મૂલ્યલક્ષી અને સમાજકેન્દ્રી હોવા જોઇએ. આ ત્યારે જ શક્ય બને જ્યારે શિક્ષકોને યોગ્ય રીતે, યોંગય માધ્યમ દ્વારા અને યોગ્ય વ્યક્તિ દ્વારા તાલીમ આપવામાં આવે-તૈયાર કરવામાં આવે. આપણી ગુજરાત સરકાર શિક્ષણને કેન્દ્ર બનાવીને કેટલીક નીતિઓ ઘડે છે અને જરૂરી ખર્ચ કરવા પણ તૈયાર રહે છે. આમછતાં કેટલીક બાબતોને કારણે બી.એડ્. કોલેજો અસંતોષ અનુભવે છે. આ અસંતોષ હોવા પાછળનું કારણ કોઇ સ્વાર્થ નથી, પણ અણઘડ નીતિ છે. જેમાં સુધારો થશે તો ચોક્કસ પણે બી.એડ્. કોલેજોને સારા અધ્યાપકો મળશે. જેનો ફાયદો આવતી કાલના સમાજને છે.

બી.એડ્. કોલેજમાં અધ્યાપક બનવા માટે નક્કી કરેલી લઘુત્તમ લાયકાત ધરાવનારને અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક આપવામાં આવે છે. જેને મહેનતાણારૂપે માસિક ફિક્સ રૂ.૭૫૦૦ (સાત હજાર પાંચસો) ચૂકવવામાં આવે છે. આ પ્રકારની નોકરી એવા જ ઉમેદવારો સ્વીકારશે કે જેમને હાલમાં ઉપરોક્ત પગાર કરતાં ઓછો પગાર મળે છે. પરિણામે તદ્દન નવા બિનઅનુભવી ઉમેદવારો જ અધ્યાપક તરીકે જોડાશે. પણ અહીં સરકાર એન નીતિ વિષયક નિર્ણય લે કે, કોઇ શિક્ષક પોતે અધ્યાપક તરીકેની લાયકાત ધરાવતો હોય અને તે અધ્યાપક તરીકે જોડાય તો તેને જૂના પગારનું એટલે કે શિક્ષક તરીકે જે પગાર મળતો હતો તે પગારનું રક્ષણ આપવામાં આવશે. પરિણામે શાળા શિક્ષણનો અનુભવ ધરાવતા શિક્ષકો અધ્યાપક બનશે. જેનો ફાયદો બી.એડ્. કોજના વર્ગશિક્ષણ દરમિયાન જોવા મળશે. શિક્ષકમાંથી અધ્યાપક બનેલ વ્યક્તિને શાળાના વર્ગખંડ શિક્ષણના અનેકાનેક અનુભવો છે. પરિણામે તે પોતે વર્ગખંડ શિક્ષણમાં મોટાભાગે પોતાના અનુભવોનો અનુબંધ બાંધીને જ શિક્ષણ આપશે. જેથી તાલીમાર્થીઓને સાચા અર્થમાં વાસ્તવિક શિક્ષણ મળશે. તેઓ શાળામાં શિક્ષક તરીકે જોડાય તે પહેલાં જ કેટલુંક ભાથું લઇને જશે. જેથી શાળાની મર્યાદાઓ કે ખાસિયતો વચ્ચે પણ યોગ્ય રીતે કામ કરી શકશે. આમ થવાથી બિનઅનુભવી અધ્યાપકની લાયકાત ધરાવનારને અણ્યાય થતો નથી. આવા ઉમેદવારો પોતાની ઉચ્ચ લાયકાતને આધારે શાળામાં જોડાશે. પછી ભલેને કેટલાક અનુભવ પછી કોલેજમાં આવે. અંતે ફાયદો તો શિક્ષણ સમાજને જ છે. સારા શિક્ષકો અને સારા અધ્યાપકો મળશે, ભવિષ્યના સારા નાગરિકો ઘડાશે.

સરકારની બીજી એક નીતિ એ છે કે, અધ્યાપક તરીકેની નિમણૂંક નવા ઉમેદવારને પસંદ કરીને કરવામાં આવે છે. જેમને ફિક્સ સાડા સાત હજાર રૂપિયા માસિક મહેનતાણું ચૂકવાય છે. જેથી જૂના કોઇ અધ્યાપકને એક કોલેજમાંથી બીજી કોલેજમાં જવું હોય તો તેના દ્વાર બંધ થઇ જાય છે. જેનો અસંતોષ આજે પણ ઘણાં અધ્યાપકોમાં જોવા મળે છે. જેઓ બોલતા નથી પણ સહન કરે છે. જેની અસર તેમના વર્તન વ્યવહાર અને વર્ગખંડ શિક્ષણ પર થાય જ છે. એક વાત સામાન્ય માનવી સમજી શકે છે, પણ આપણી સરકાર નથી સમજતી. જે વાત છે – નવા અધ્યાપકની નિમણૂંકમાં જો અધ્યાપક તરીકેની નોકરી કરતો હોય અને સ્થળ બદલીને આવે તો પણ તેને નવા અધ્યાપક તરીકે ગણીને સાડા સાત હજાર રૂપિયા જ મહેનતાણું ચૂકવવાનું ! પરિણામે લાંબી

નોકરી કરીને પણ પોતાના વતન કે કુટુંબ સાથે જોડાવા ઇચ્છતો વ્યક્તિ અથવા તો પોતાની પ્રગતિ માટે કોલેજ બદલતો વ્યક્તિ સ્થિર બની જાય છે અને આવા લાભથી વંચિત રહે છે. જે લોકશાહી ધરાવતા દેશ માટે કલંક સમાન છે. નવા અધ્યાપકની નિમણૂંકમાં જો અધ્યાપક તરીકે ચાલુ હોય તેવા વ્યક્તિની નિમણૂંક કરવામાં આવે તો સરકારને કોઇ જ નુકશાન નથી. કારણ કે તે વ્યક્તિ અધ્યાપક તરીકે ફરજ બજાવે જ છે, તેને જેટલો પગાર ચૂકવવામાં આવે છે તેટલો જ પગાર હવે પછી પણ ચૂકવવાનો છે. જેથી સરકાર પક્ષે કોઇ જ નુકશાન નથી. અન્ય રીતે જોતા ફાયદો છે. કારણકે, જૂના અધ્યાપકે સ્થળ બદલતાં તે જગ્યા પર નવી નિમણૂંક કરતાં સહેજે એકાદ વર્ષ તો આરામથી નિકળી જાય છે. આમ એક વર્ષ સુધી સરકારનો પગાર બચે છે. માટે સરકારે પોતાની બીજી નીતિ એ બદલવાની તાય કે નવા અધ્યાપકની નિમણૂંક કરવાની હોય ત્યારે જો કોઇ જૂના અધ્યાપક રસ દાખવે તો તેને પ્રથમ પસંદગી આપવી અને સાથે પગારનું રક્ષણ પણ આપવું.

ત્રીજી નીતિ બદલવાની એ જરૂર છે કે, અધ્યાપકોની ખાલી જગ્યાઓ માત્ર એક જ અઠવાડિયામાં ભરી દેવી. આજે અધ્યાપકોની ખાલી જગ્યા પર નવી ભરતી કરતાં સહેજે એકાદ વર્ષ નીકળી જાય છે. આ એક વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની વિચારણા કરવામાં આવે છે. તેાો શું ભણતા હશે? કેવી રીતે ભણતા હશે? કેટલું ભણતા હશે વગેરેનો જો વિચાર કરવામાં આવે તો ખ્યાલ આવે કે આપણે કેવા નાગરિકો બનાવી રહ્યાં છીએ. અહીં સરકારની બે મોંઢાની વાત બહાર આવે છે. વાવે છે ખાખરો અને અપેક્ષા રાખે છે જાંબુની. જેવું વાવીએ તેવું જ લણાય. આમ અધ્યાપક વગર અભ્યાસ કરતાં વિદ્યાર્થીરૂપી ભવિષ્યના નાગરિકો કેવા પાકશે? આ માટે જાગૃત સમાજે પણ પોતાનો અવાજ ઉઠાવીને સરકારના કાન આમળવા જોઇએ.

ત્રીજી એક નીતિ શૈક્ષણિક બાબતને સીધી રીતે સ્પર્શે છે, જે જાણીને સૌ કોઇને અચરજ થશે. બી.એડ્.કોલેજોમાં તાલીમ દરમિયાન દરેક તાલીમાર્થીઓએ ચોક્કસ સંખ્યામાં શાળામાં જઇને પાઠ આપવાના હોય છે. જેથી તાલીમાર્થીઓને વાસ્તવિક અનુભવ મળે. આવો નિયમ સરકારનો છે જે હોવો જ જોઇએ. શાળાને પણ જ્યારે માન્યતા આપવામાં આવે છે ત્યારે જણાવેલ હોય છે કે સરકારના તમામ નીતિ નિયમોનું પાલન કરવું પડશે. જેમાં ઉપરોક્ત નિયમનો પણ સમાવેશ થઇ જાય છે. તે રીતે જોતાં દરેક શાળાએ બી.એડ્. ના તાલીમાર્થીઓને પોતાની શાળામાં પાઠ આપવા દેવા પડે. પણ સરકારે ત્રણ વર્ષ પહેલાં નિયમ એવો કર્યો કે, શાળામાં પાઠ આપવા જતાં પૂર્વે દરેક કોલેજોએ જે તે જિલ્લાના શિક્ષણાધિકારીની લેખિત મંજૂરી લેવી! હજું એ વાત માની શકાય કે જેતે શાળાની મંજૂરી લેવી, પણ આતો જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરી લેવાની છે! અત્યારે છેલ્લા ત્રણ વર્ષથી દરેક બી.એડ્.કોલેજો જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરી લેઇને જ શાળામાં પાઠ આપવા જાય છે. અહીં એક પ્રશ્ન પૂછવાનું મન થાય કે, ગુજરાતના એકપણ જિલ્લામાંથી એકપણ કોલેજને કોઇપણ શાળામાં પાઠ આપવા જવાની મંજૂરી ન આપી હોય તેવો એક પણ કિસ્સો છે? આવો કિસ્સો નથી જ. હેરાન થવાનું કોલેજો અને જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસના ક્લાર્કને. જિલ્લા શિક્ષણનાધિકારી દરેક કોલેજને શાળામાં પાઠ આપવાની મંજૂરી આપવાના જ છે. તેથી આ નિયમ દૂર કરવામાં આવે તો પેલા ક્લાર્ક બીજું અન્યકામ વધુ પ્રમાણમાં કરી શકશે અને બી.એડ્. કોલેજો ઓછી હેરાન થશે. આમ કરતાં માધ્યમિક શાળાઓ અને બી.એડ્. કોલેજો સાચા અર્થમાં નજીક આવશે. સરકારે શાળાઓ અને કોલેજોને જોડવાનું કામ કરવાનું હોય તોડવાનું નહીં? બી.એડ્.કોલેજોને જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરી લેવી તેવો નિયમ કરવા પાછળનું કારણ વધુ આઘાત ઉપજાવનારું છે. બન્યું હતું એવું કે, એક જિલ્લા શિક્ષણાધિકારી અને બી.એડ્.કોલેજના એક આચાર્ય વચ્ચે કોઇ કારણસર મતભેદ ઊભો થયો. જિલ્લાશિક્ષણાધિકારીએ કમિશ્નર ઑફ સ્કૂલની સામે રજૂઆત કરીને ઉપરોક્ત નિયમ કરાવ્યો. આ સમયે કમિશ્નર ઓફ સ્કૂલે બી.એડ્. કોલેજના પેલા આચાર્ય કે અન્ય કોઇ વ્યક્તિને કશું જ પૂછ્યું નહી કે કોઇ ખાતરી પણ ન કરી અને કરી નાંખ્યો જિલ્લા શિક્ષણાધિકારીની ઇચ્છા મુજબનો નિયમ! આવું ચાલતું હશે ત્યાં સુધી શિક્ષણમાં મૂલ્યો આવશે? જો મૂલ્યોનું સિંચન કરવું હોય તો શાળા, કોલેજો અને અધિકારીઓએ સહિયારા પ્રયત્નો કરવા પડશે. એકબીજાને સમજવા પડશે.